# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-07-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ફૂડ સેફટી : ઋષિકેશ પટેલ

ખાદ્ય પદાર્થમાં ભેળસેળ કરનારાઓ સામે વધુ કડક કાર્યવાહી કરાશે. આ માટે સરકાર ખાદ્ય સલામતી અને પ્રમાણ અધિનિયમ 2006ની દંડની જોગવાઇમાં સુધારા કરશે. તે અંતર્ગત હાનિકારક ખોરાક ખાવાથી માનવ મૃત્યુના કિસ્સામાં 7 વર્ષથી આજીવન કેદની સજા અને 10 લાખ રૂપિયાના દંડ સુધીની જોગવાઈ કરાશે. અગાઉ કાયદામાં કોઈ લઘુત્તમ સજાની જોગવાઈ ન હતી. કાયદામાં સુધારા માટે સરકારે નગરિકો પાસેથી સૂચનો મંગાવ્યા હોવાનું આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતું.

---------------------------------------------------------------------------------------------

## ગૃહમંત્રી કચ્છની મુલાકાતે

રાજયના સરહદી જિલ્લા કચ્છમાં આવતીકાલે ગૃહમંત્રી હર્ષ સંઘવી હાજર રહી લોક દરબાર યોજવાના છે. આ સાથે નવા પોલીસ સ્ટેશનોનું લોકાર્પણ કરવામાં આવશે.

આવતીકાલે હર્ષ સંઘવી સવારે સાડા નવ વાગ્યે પોલીસ હેડ ક્વાટર્સ શિણાય ખાતે પોલીસ વિભાગના વિવિધ ઉદઘાટન અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ સાડા દસ વાગ્યે ગૃહમંત્રી શિણાય ખાતે જ લોક દરબારમાં હાજરી આપશે. બપોરે પોણા બે વાગ્યે સૌરાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટ પ્રાઇવેટ લીમીટેડ કંપની, લાકડીયા ખાતે ઉપસ્થિત રહેશે. તેમના કચ્છના પ્રવાસ દરમિયાન રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય, ગૃહવિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિતના હાજર રહેશે. આ સિવાય રેન્જ આઈજી ચિરાગ કોરડીયા, જિલ્લા

પોલીસવડા સાગર બાગમાર, વિકાસ સુંડા તેમજ જિલ્લાના પોલીસ અધિકારીઓ અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ ઉપિસ્થિત રહેશે.

---------------------------------------------------------------------------------------

## એડવાન્સ્ડ પોસ્ટલ ટેકનોલોજી

કચ્છ પોસ્ટલ ડિવિઝનમાં ભુજ મુખ્ય ટપાલ કચેરીથી એડવાન્સ્ડ પોસ્ટલ ટેકનોલોજી આઈટી 2.0નું રોલઆઉટ સમગ્ર જિલ્લામાં કરવામાં આવ્યું છે. આ નવી ટેકનોલોજી ટપાલ સેવાઓને વધુ ઝડપી, પારદર્શક અને ગ્રાહક કેન્દ્રી બનાવશે. સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ડી. એચ. તપસ્વીએ જણાવ્યું હતું કે આ ટેકનોલોજી વિભાગની કાર્યક્ષમતા અને ગ્રાહક સેવામાં મોટો બદલાવ લાવશે. રોલઆઉટની ઉજવણી ભુજ હેડ પોસ્ટ ઓફિસ ખાતે કરાઈ હતી. એપીટી-આઈટી 2.0 એક નવી પેઢીની તકનિકી સિસ્ટમ છે જે ટપાલ વિભાગના મુખ્ય કાર્યોને ડિજિટલ પ્લેટફોર્મ પર લાવશે. ગ્રાહકો માટે રિયલ ટાઈમ ટ્રેકિંગ, અપડેટેડ માહિતી અને સુગમ સેવા ઉપલબ્ધ થશે.

---------------------------------------------------------------------------------------

## મનફરામાં વિકાસ કામો

ભચાઉ તાલુકાના મનફરામાં સરકારની ગ્રામ વિકાસની અલગ અલગ ગ્રાન્ટમાંથી બે કરોડના ખર્ચે થનારાં કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. માધ્યમિક શાળા ખાતે આયોજિત કાર્યક્રમમાં કન્યા પ્રાથમિક શાળાની પુર સંરક્ષણ દિવાલ, બસ સ્ટેશનનાં કામોનું ખાતમુહૂર્ત રાપરના ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું. શાળા માટે ભૂમિના દાતા વર્ધમાન સ્થાનિકવાસી છ કોટિ જૈન સંઘનાં ઝવેરબેન કાર્યા અને પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું

---------------------------------------------------------------------------------------

## કચ્છમાં વરસાદની આગાહી

કચ્છમાં મોટાભાગના વિસ્તારમાં વરાપની સ્થિતિ જોવા મળી રહી છે જેના કારણે  મહત્તમ પારો ઊંચકાઈ રહ્યો છે અને વાતાવરણમાં ગરમી-ઉકળાટની અનુભુતિ થઈ રહી છે. આ વચ્ચે હવામાન વિભાગે જારી કરેલા સાત દિવસના વર્તારામાં ત્રણ દિવસ બાદ વરસાદી ગતિવિધિ ફરી વેગ પકડે તેવી આગાહી કરાઈ છે. બંગાળની ખાડીમાં એક સક્રિય વરસાદી સિસ્ટમ સર્જાઈ રહી છે, જેની અસર તળે જુલાઈનાં અંતિમ અઠવાડિયામાં રાજ્યની સાથે કચ્છમાં પણ વરસાદનો સારો રાઉન્ડ આવે તેવા ઉજળા સંજોગો સર્જાઈ રહ્યા છે.  ઉલ્લેખનીય છે કે, કચ્છમાં અત્યાર સુધી સરેરાશનો 64 ટકા વરસાદ વરસી ચુક્યો છે.

------------------------------------------------------------------------------------------

## મુન્દ્રા એક્સ્ટેશન સેન્ટર

મુન્દ્રા તાલુકાનાં  લુણંગધામે કચ્છ યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટી એક્સ્ટેશન સેન્ટર શરૂ કરવાની મંજુરી અપાઈ છે અને પ્રવેશ પ્રક્રિયાઓ શરૂ થઈ ગઈ છે.  ધોરણ 12 પછી આર્ટ્સ-કોમર્સ કોલેજ કરવા માગતા વિદ્યાર્થીઓને હજુ પ્રવેશ ન મળ્યો હોય કે કોલેજ સુધી જવાની અનુકૂળતા ન હોય તે પોતાની અનુકૂળતાએ કોલેજના વર્ગો ભરીને માર્ગદર્શન મેળવીને કોલેજનો અભ્યાસ કરવા માગતા હોય, તો લુણી ગામ નજીક ગણેશ મંદિર, લુણંગધામમાં યુનિવર્સિટી એક્સ્ટેશન સેન્ટરનો સંપર્ક કરી શકે છે.

------------------------------------------------------------------------------------------

## શ્રાવણ માસ

આગામી શુક્રવાર 25 જુલાઇથી શ્રાવણ માસનો પ્રારંભ થઇ રહ્યો છે. જિલ્લાભરના શિવાલયોમાં ભક્તિમય માહોલ છવાઇ જશે. શ્રાવણ માસ 23 અગસ્ટ શનિવાર સુધી ચાલશે. શ્રાવણ માસ દરમિયાન વિવિધ શિવાલયોમાં વિશેષ પૂજાપાઠ, મહાઆરતી, રૂદ્રી અને ચાર પ્રહરની પૂજા સહિતના ધાર્મિક કાર્યક્રમ યોજાશે. આ માસ દરમિયાન કચ્છમાં અનેક સ્થળોએ મેળાઓ પણ યોજાશે.

------------------------------------------------------------------------------------------

# રાષ્ટ્રીય પ્રસારણ સેવા

ભારતના વિકાસ, શૈક્ષણિક પ્રસાર અને સાંસ્કૃતિક સંરક્ષણમાં પ્રસારણની મહત્વપૂર્ણ ભૂમિકાને ઉજાગર કરવા માટે આજે દેશભરમાં રાષ્ટ્રીય પ્રસારણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

1927માં આજના દિવસે, દેશમાં પ્રથમ રેડિયો પ્રસારણ ઇન્ડિયન બ્રોડકાસ્ટિંગ કંપનીના બોમ્બે સ્ટેશનથી શરૂ થયું હતું. 8 જૂન, 1936ના રોજ, ઇન્ડિયન સ્ટેટ બ્રોડકાસ્ટિંગ સર્વિસનું નામ બદલીને ઓલ ઈન્ડિયા રેડિયો-એઆઈઆર રાખવામાં આવ્યું અને પછીથી તેનું નામ બદલીને આકાશવાણી રાખવામાં આવ્યું. વર્ષોથી આકાશવાણીએ વિવિધ શ્રોતાઓ સુધી વ્યાપક પહોંચ સાથે પોતાનું સ્થાન સ્થાપિત કર્યું છે.

---